# પીળક (Golden Oriole)

આપણે ત્યાં બધી જગ્યાએ વ્યાપક હોય અને સહેજે દેખાય એવાં કેટલાંક પક્ષીઓની સંખ્યા ઘટી રહી છે. વૃક્ષોનું નિકંદન એનું મૂળભૂત કારણ ગણાવી શકાય. પહેલાં આપણા આંબાવાડિયામાં કેરીના રંગનું પીળું પંખી કાયમી રહેતું. લોકો એને 'મૅન્ગો બર્ડ' કે 'આમ્રપંખી' કહેતા. એ પંખીનું નામ પીળક. આપણું એ કાયમી પંખી છે, પણ કેટલાક સમયથી તે ઓછું દેખાય છે.

અહીં આપણે સોનેરી પીળક વિશે જાણીએ. પીળક કાબરના કદનું, ચળકતા સોનેરી પીળા રંગનું વૃક્ષાચારી પક્ષી છે. તેનો રંગ પીળો છે, તેથી તેનું નામ 'પીળક' છે. હિંદીમાં પણ તે 'પીલક' તરીકે જ ઓળખાય છે. બીજાં પીળક પણ આપણે ત્યાં છે. જેમ કે; EURASIAN GOLDEN ORIOLE ગુજરાત સહીત બધે, BLACK HOODED ORIOLE દક્ષિણ ગુજરાત અને પૂર્વોત્તર દક્ષિણ ભારતમાં અને BLACK NAPED ORIOLE સાઉથમાં દેખાય છે. આ સિવાય પણ એક MAROON ORIOLE ઉત્તરના પહાડી વિસ્તારોમાં રહેતું પીળક છે.

પીળક ઝાડબીડવાળા વગડામાં મોટા ભાગે એકલું દેખાય છે. વગડા ઉપરાંત એ વસ્તીવાળા પ્રદેશોમાં ઘટાદાર વૃક્ષો હોય તો ત્યાં પણ છૂટથી આવે છે. પીળક ચળકતો સોનેરી રંગ ઉપરાંત

**પીળક રૂપાળું તો છે જ, સાથે મીઠું બોલનારું પણ છે, તે 'પીઈલો' કે 'ઈયોઈ' એવો વાંસળી જેવો મનોહર આવાજ કાઢે છે, બીજા કર્કશ અવાજો પણ કરે છે પક્ષી નિરીક્ષકોમાં જે કેટલાક પ્રિય અવાજો છે, તેમાં પીળકના અવાજનો સમાવેશ થાય છે**

માથા પર કાળો રંગ ધરાવે છે. તેની ચાંચ ગુલાબી અને રાતી છે. માદાનું માથું સહેજ ઝાંખું હોય છે. પૂંછડીમાં પણ સહેજ કાળો રંગ હોય છે. બાકી બધો રંગ સોનેરી પીળો.

રૂપાળાં પંખીઓ ઘણા ભાગે મીઠું બોલતાં નથી. તથા મીઠું બોલનારાં પંખીઓ રૂપાળાં હોતાં નથી. પીળક રૂપાળું તો છે જ, સાથે મીઠું બોલનારું પણ છે, તે 'પીઈલો' કે 'ઈયોઈ' એવો વાંસળી જેવો મનોહર આવાજ કાઢે છે, બીજા કર્કશ અવાજો પણ કરે છે પક્ષી નિરીક્ષકોમાં જે કેટલાક પ્રિય અવાજો છે, તેમાં પીળકના અવાજનો સમાવેશ થાય છે.

એનો ખોરાક જીવાત અને ફળો છે. પીપર, વડ, પીપળા જેવાં વૃક્ષોનાં ટેટાં અને અંજીર વર્ગના ફળો તેનો મુખ્ય ખોરાક છે. ઉપરાંત તે ખેતીને નુકશાનક અનેક જીવાતો અને ઈયળો પણ ખાય છે. તેના



**પંખી લોક**

★ પ્રવીણ સરવૈયા

શિકાર પર પ્રતિબંધ છે, તેથી તે આપણું કાયદાથી રક્ષિત પંખી છે.

પીળકનો માળો સુંદર હોય છે. તે રેસાઓને



સુંદર રીતે વણીને કપ આકારનો માળો બનાવે છે. માળામાં કરોળિયાનાં જાળાંનો છૂટથી ઉપયોગ થયેલો હોય છે. માળામાં ઘણી વાર ચીંથરા, સાપની કાંચળી અને દોરા પણ જોવા મળે છે. વૃક્ષની ચારથી દસ મીટર ઊંચે આવેલી ડાળીએ તેનો માળો ઝૂલતો હોય છે. એ મોટા ભાગે પક્ષીઓના પોલીસ કાળિયા કોશીનો માળો હોય એ જ વૃક્ષમાં માળો બનાવે છે. પીળક ઉપરાંત હોલાનો માળો પણ કાળિયા કોશીના માળાની સોબતમાં હોય છે. કાળિયો કોશી એમનું રક્ષણ કરે છે. માદા ગુલાબી ટપકાંવાળાં બેથી ચાર સફેદ ઈંડાં મૂકે છે, જેના પર કાળા અથવા રતાશપડતાં ભૂરાં ટપકાં હોય છે. પુખ્ત શ્યામશીર પીળકના માથે કાળો રંગ હોય તેના બદલે બચ્ચા માથે પીળો રંગ હોય છે તથા માથા પર પીળાશપડતી રેખાઓ હોય છે, પુખ્તતા પછી માથું કાળા રંગનું બની જાય છે.

પીળક આપણું બહુ સુંદર ગાનારું પંખી છે, તે આપણી શોભા છે. આપણે દૃષ્ટિ ખુલ્લી અને સતેજ રાખીશું તો જાતજાતનાં અને ભાતભાતનાં પંખીઓ જોવા મળશે. વળી, એનાં રક્ષણ અને રહેઠાણ માટે પણ સજાગ રહીશું તો બહુ મોટું પુણ્યનું કાર્ય ગણાશે.

# દુનિયાનું સૌથી અમીર ગામ આવેલું છે આપણા ગુજરાતમાં

આપણે ભારતના કોઈ ગામડા વિશે વિચારીએ છીએ, ત્યારે સામાન્ય રીતે મનમાં ખેતરો, કાચા-પાકા મકાનો અને સાદગીભર્યા જીવનનું ચિત્ર ઉપસી આવે છે. પરંતુ ભારતમાં એક એવું ગામ પણ આવેલું છે જેની સમૃદ્ધિ અને વૈભવ જોઈને દુનિયાના મોટા-મોટા શહેરો પણ ઝાંખા પડી જાય. આ ગામને ભારતનું જ નહીં પરંતુ સમગ્ર વિશ્વનું સૌથી ધનિક અને અમીર ગામ (World's Richest Village) માનવામાં આવે છે. સૌથી ગર્વ લેવા જેવી વાત એ છે કે, આ અનોખું ગામ આપણા ગુજરાતના કચ્છ જિલ્લામાં આવેલું છે, જેનું નામ છે મધાપર (Madhapar). રણની નજીક વસેલા આ ગામની અમીરીની ચર્ચા માત્ર ભારતમાં જ નહીં, પણ સમગ્ર દુનિયામાં થાય છે. આ ગામની સમૃદ્ધિનો અંદાજ તમે એ વાત પરથી લગાવી શકો છો કે, અહીંની બેંકોમાં ગામલોકોના અબજો રૂપિયા ફિક્સ્ડ ડિપોઝિટ તરીકે જમા છે.



મધાપર ગામની સૌથી મોટી ખાસિયત અહીંની આર્થિક મજબૂતી છે. ગામમાં અંદાજે 19 બેંકો છે, જે કોઈ નાના શહેરમાં પણ ભાગ્યે જ જોવા મળે છે. આ ગામમાં 7,600થી વધુ પાકા મકાનો છે. અહીં રહેતા લોકોના બેંક ખાતાઓમાં ખૂબ મોટી માત્રામાં નાણાં જમા છે. અહેવાલો અનુસાર, ગામના લોકોના બેંકોમાં 8000 કરોડથી વધુ રૂપિયા જમા છે. એટલું જ નહીં, અહીં રહેતા ઘણા પરિવારો આર્થિક રીતે એટલા સક્ષમ છે કે, તેમના બેંક ખાતાઓમાં સરેરાશ લાખો રૂપિયા જમા રહે છે. માત્ર બેંક જ નહીં, પરંતુ ગામમાં શાળા, કોલેજ, હોસ્પિટલ, બગીચો, તળાવ, મંદિર અને ગૌશાળા જેવી તમામ જરૂરી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે, એટલે કે સુવિધાઓની બાબતમાં આ ગામ ઘણા શહેરોને પણ ટક્કર આપે છે.

આખરે આટલું અમીર કેવી રીતે બન્યું આ ગામ? હવે સવાલ એ થાય છે કે, આખરે મધાપર દુનિયાનું સૌથી અમીર ગામ કેવી રીતે બની ગયું? આની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે, અહીંના લોકોનો વિદેશો સાથેનો ઊંડો સંબંધ છે. આશરે 80 હજારની વસ્તી ધરાવતા આ ગામના મોટી સંખ્યામાં લોકો ઘણા દાયકાઓ પહેલાં રોજગાર અને ધંધા માટે વિદેશ ગયા હતા. આજે ગામના લગભગ 65 ટકા પરિવારોનો સંબંધ એનઆરઆઈ (NRI) સમુદાય સાથે છે. આમાંથી ઘણા લોકો બ્રિટન, અમેરિકા, આફ્રિકા અને ખાડીના દેશોમાં રહે છે. વિદેશમાં રહીને આ લોકો નિયમિત રીતે પોતાના પરિવારોને પૈસા મોકલે છે, જેનાથી ગામની આર્થિક સ્થિતિ સતત મજબૂત થતી ગઈ. એટલું જ નહીં, કેટલાય NRI વર્ષો સુધી વિદેશમાં સફળ બિઝનેસ કર્યા પછી પાછા મધાપર આવ્યા. ગામ પાછા ફર્યા પછી તેમણે અહીં નવા વ્યવસાયો શરૂ કર્યા અને સ્થાનિક લોકો માટે રોજગારીની તકો પણ ઊભી કરી. આ જ કારણે આજે મધાપર માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર દુનિયાના સૌથી ધનિક ગામોમાં ગણાય છે.